# આસપાસ ચોપાસ

## સુરત સિવિલ હોસ્પિટલના ડો.અશ્વિન વસાવા: કોરોના હીરો ટુ સિકલસેલ રિસર્ચર



લગભગ છ વર્ષ પહેલાંની વાત છે, જ્યારે કોરોના વાયરસે આખી દુનિયાને હચમચાવી મૂકી હતી. એ સમયે સુરત શહેર માટે એક સૌથી પડકારજનક ક્ષણ ત્યારે આવી જ્યારે લંડનથી સુરત આવેલી એક યુવતી કોરોના પોઝિટિવ જોવા મળી. આ ઘટના તા.14 માર્ચ, 2020ની છે. હિમસન પરિવારની 20-વર્ષીય દીકરી રીટા બચકાનીવાલા માતૃભૂમિ સુરત પરત ફર્યા બાદ કોરોના સંક્રમિત હોવાનું નિદાન થતાં જ તેમના પરિવારના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. આ પરિસ્થિતિમાં સુરત સિવિલ હોસ્પિટલના તબીબો અને સ્ટાફે જે સાહસિકતા દાખવી તે ખૂબ જ વખાણવા જેવી હતી. ખાસ કરીને ટ્રાઇબલ બેલ્ટના કોડબા ગામના વતની અને સુરત સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો.અશ્વિનભાઈ વસાવા અને તેમની ટીમે અતૂટ મહેનત કરી. 14 દિવસ સુધી જીવન-મરણના ઝોલા ખાઈ રહેલી રીટાને સારવાર આપી, ડો.વસાવાની ટીમે કોરોના વાયરસને માત આપી હતી. પરિણામે ગુજરાતમાં કોરોનાનો પહેલો કેસ નેગેટિવ આવ્યો હતો. આ સફળતા બદલ સૌએ ડો.અશ્વિન વસાવા અને તેમની ટીમનો ઉત્સાહપૂર્વક સ્વાગત પણ કર્યું. આ ઘટનાએ ડો.વસાવાને 'કોરોના વોરિયર' તરીકે સ્થાપિત કર્યા હતા. 49 વર્ષના ડો.અશ્વિન વસાવાનું મૂળ વતન સાગબારાના કોડબા ગામનું નવી ફળી છે. તેમણે ધો.10-12 સુધીનું સાયન્સનું શિક્ષણ સેન્ટ ઝેવિયર્સ, ડેડિયાપાડા અને આણંદમાંથી પૂરું કર્યું. મેરિટના આધારે MBBS બાદ તેઓએ સુરત મેડિકલ કોલેજમાંથી MD મેડિસિનનો અભ્યાસ કર્યો અને ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)માંથી પીએચ.ડી.ની ઉપાધી પણ મેળવી હતી. આજે સુરત તેમની કર્મભૂમિ બની ગયું છે અને તેઓ સુરત સિવિલ હોસ્પિટલમાં મેડિસિન વિભાગના વડા તરીકે ફરજ બજાવે છે. માત્ર કોરોના જ નહીં, અનેક મહામારીઓના નોડલ ઓફિસર ડો.વસાવાની વિશેષતા એ છે કે તેઓ લેપ્ટોસ્પાયરોસીસ, $H_1N_1$ (સ્વાઇન ફ્લૂ) અને કોવિડ-19 જેવા રોગોમાં દક્ષિણ ગુજરાતના નોડલ ઓફિસર તરીકે નિર્ણાયક ભૂમિકા ભજવી ચૂક્યા છે. હાલમાં ઈબોલા રોગ માટે એપેક્ષ હોસ્પિટલ તરીકે અમદાવાદ અને સુરતની સરકારી હોસ્પિટલોની પસંદગી કરવામાં આવી છે, જેમાં તેમને હોસ્પિટલ સ્તરે નોડલ ઓફિસરની જવાબદારી સોંપવામાં આવી છે. સાગબારા આદિવાસી વિસ્તાર હોવાથી અહીં સિકલસેલ જેવી આનુવંશિક બીમારીનું પ્રમાણ વધારે છે. ડો.અશ્વિન વસાવાએ સિકલસેલના દર્દીઓ માટે મહત્ત્વપૂર્ણ અભ્યાસ કર્યો છે. તેમના કહેવા મુજબ સિકલસેલ રોગ શરીરનાં વિવિધ અવયવો પર અસર કરે છે, જેથી દર્દીઓ અન્ય બીમારીઓની ઝપેટમાં સહેલાઈથી આવી જાય છે. તેમણે પોતાના સંશોધનમાં દર્શાવ્યું છે કે, 'હાઈડ્રોક્સીયુરિયા' (Hydroxyurea) નામની દવા, જો સતત બે વર્ષ સુધી સાચી માત્રામાં આપવામાં આવે, તો સિકલસેલના દર્દીઓમાં આવતી તીવ્ર કટોકટી (દર્દ, એનિમિયા, ઈન્ફેક્શન) ઘટી શકે છે. તેઓ સિકલસેલના દર્દીઓને નિદાન, તપાસ, સારવાર અને માર્ગદર્શન પણ આપે છે.

## કોડબા




## 65 વર્ષ પહેલાં શિક્ષણની સુવિધા ઊભી થઈ હતી





ચાલુ વર્ષે આખા ગુજરાતમાં SSC બોર્ડનું પરિણામ નર્મદા જિલ્લાનું અગ્રેસર આવ્યું છે. આ સિદ્ધિએ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અપાર હર્ષનો માહોલ સર્જ્યો છે. પરંતુ આ સફળતાની કહાણી ખૂબ જ સંઘર્ષમય રહી છે. દેશની આઝાદી સમયે આ વિસ્તાર અક્ષરજ્ઞાનની દૃષ્ટિએ અંધકારમય હતો. લોકશાહી વ્યવસ્થા આવ્યા બાદ તંત્રે બાળકને ઉત્તમ નાગરિક બનાવવાના ધ્યેય સાથે કામ કર્યું, અને તેનાં સારાં પરિણામો આજે દેખાઈ રહ્યાં છે. મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ પડ્યું તેના બીજા જ વર્ષે, 4 જાન્યુઆરી 1961ના રોજ નર્મદા જિલ્લાના કોડબા ગામમાં ધોરણ-1થી પ્રાથમિક શાળાનો પાયો નંખાયો હતો. શરૂઆતમાં વાંસના ખપેડા અને સામાન્ય સુવિધાઓ વચ્ચે બાળકોને શિક્ષણ મળે તે ધ્યેય હતો. તત્કાલીન મુખ્ય શિક્ષક રતિલાલ બી. પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ જ્ઞાનાર્જન માટે તત્પર હતા. સમય સાથે આ પ્રાથમિક શાળાએ વિકાસ કર્યો. આજે અહીં ધોરણ 1થી 8 સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. માત્ર શૈક્ષણિક જ નહીં, પરંતુ ઈતર પ્રવૃત્તિઓમાં પણ વિદ્યાર્થીઓ પાવરધા બન્યા છે. આજનાં બાળકો વિજ્ઞાન કસોટી માટે 'સ્પેસ શટલ' જેવી કૃતિ રજૂ કરીને મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરી દે છે. આમ, એક સમયે અક્ષરજ્ઞાનના પ્રશ્નો ઊભા કરતો નર્મદાનો આ વિસ્તાર આજે આખા ગુજરાતને શિક્ષણમાં રાહ બતાવી રહ્યો છે.



## કોડબા ગામે સિકલ સેલ માર્ગદર્શન કેન્દ્ર: ડો.ડેક્ષ્ટર પટેલની સેવાભાવી પહેલ

સિકલ સેલ એનિમિયા જેવા જટિલ અને આનુવંશિક રોગ સામે આદિવાસી વિસ્તારોમાં જનજાગૃતિ ફેલાવવા માટે સિકલ સેલ અવેરનેશ ફાઉન્ડેશન છેલ્લાં 15 વર્ષથી સતત કાર્યરત છે. આ સંસ્થાના સ્થાપક અને પ્રમુખ સેવાભાવી ડો.ડેક્ષ્ટર પટેલે આ રોગ સામે લડવા માટે આદિવાસી વિસ્તારોમાં નિદાન કેમ્પ, સેમિનાર અને આરોગ્ય સેવાઓનો વ્યાપક કાર્યક્રમ શરૂ કર્યો છે. કોડબા ગામે આવેલી પ્રકૃતિ જનરલ હોસ્પિટલમાં છેલ્લાં 10 વર્ષથી દર મહિનાના પ્રથમ રવિવારે વિશેષ સિકલ સેલ માર્ગદર્શન કેન્દ્ર નિષ્ણાત ડોક્ટરો દ્વારા ચલાવવામાં આવે છે. આ કેન્દ્રમાં દર મહિને સરેરાશ 250 જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે. ગયા 10 વર્ષમાં કોડબા ગામે અંદાજે 7,000 સિકલ સેલના દર્દીઓને માર્ગદર્શન અને સારવારનો લાભ મળ્યો છે. સિકલ સેલ ડિસીઝથી પીડિત દર્દીઓને અહીં નિ:શુલ્ક દવાઓ, તપાસ, માર્ગદર્શન અને અન્ય આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. કોડબા ગામે તો નિયમિતપણે કાર્ય કરતા દર રવિવારે દર્દીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળે છે. માત્ર નર્મદા જ નહીં, પરંતુ ભરૂચ જિલ્લામાં પણ સેવાના ભાવે સતત કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ કેમ્પોમાં દર વર્ષે 50,000થી 60,000 લોકોનું હમણાં સુધી સિકલ સેલ ટેસ્ટિંગ (hb electrophoresis test) કરી ચૂક્યા છે. ડો.ડેક્ષ્ટર પટેલ જણાવે છે કે, "અત્યાર સુધીમાં અમે લગભગ 1200 સેમિનાર અને નિદાન કેમ્પ યોજી ચૂક્યા છીએ. સિકલ સેલના દર્દીઓને અમે સારવાર અને દવાઓ સંપૂર્ણ મફત આપીએ છીએ. જો દર્દીઓ નિયમિત કાળજી રાખે તો તેમના જીવનમાં આમૂલ સુધારો થઈ શકે છે." ઉલ્લેખનીય છે કે, દવાઓ અને વિવિધ તપાસ પાછળ દર મહિને આ સંસ્થાનો અંદાજે 1 લાખથી વધુ રૂપિયાનો ખર્ચ થાય છે. આટલા ખર્ચા છતાં જરૂરિયાતમંદ અને ગરીબ દર્દીઓ સુધી નિ:શુલ્ક આરોગ્ય સેવાઓ પહોંચાડવાનું કાર્ય નિયમિત રીતે ચાલુ છે.









## ચોપડવાવ ડેમ: માછલી ઉછેરથી સ્વાવલંબી બનતી સહકારી મંડળી



કોડબા તાલુકામાં ડોમન નદીના કાંઠે આવેલા ચોપડવાવ ડેમનું નિર્માણ 123 એકરમાં થયું છે. આ ડેમથી જ્યાં ખેડૂતોને સિંચાઈનું પાણી મળે છે, ત્યાં સ્થાનિક લોકો માટે મત્સ્ય ઉદ્યોગનો મોટો ફાયદો ઊભો થયો છે. આ ઉદ્દેશ સાથે વર્ષ-1990માં 'શ્રી સહારા મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળી, ચોપડવાવ'નું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આજે આ મંડળી સાથે 142 સભાસદ જોડાયેલા છે. મંડળીની સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે, 100 ટકા માછલી અને ઝીંગાનું બીજ સરકાર દ્વારા મફત આપવામાં આવે છે. ઉપરાંત તેમના ખોરાકની વ્યવસ્થા પણ મંડળી અને સરકાર સંયુક્ત રીતે કરે છે. માછલી અને ઝીંગાના પોષણ માટે લગભગ સાત મહિના સુધી સતત મહેનત કરવી પડે છે. આ કાર્યમાં આશરે 50 સભાસદ સક્રિય રીતે સંકળાયેલા છે. બીજ નાંખ્યાના લગભગ આઠ મહિને માછલીને પકડીને મંડળીમાં જમા કરાવવામાં આવે છે. મંડળી દ્વારા સભાસદોને 1 કિલો દીઠ રૂ.50 આપવામાં આવે છે. જ્યારે બજારમાં આ માછલી રૂ.100 પ્રતિ કિલોના ભાવે વેચાય છે, ત્યારે 50 ટકા એટલે કે રૂ.50 મંડળીને વકરા તરીકે જમા થાય છે. આ વ્યવસ્થાથી મંડળી અને સભાસદો બંને માટે આર્થિક લાભ સુનિશ્ચિત થાય છે. મંડળી દ્વારા વાર્ષિક લગભગ 15થી 20 લાખ રૂપિયાનું ઉત્પાદન થાય છે. જો કે, છેલ્લાં બે વર્ષથી અતિવૃષ્ટિના કારણે ડેમમાં લગભગ 10 લાખનાં બીજ નાંખ્યા બાદ તે પાણીમાં તણાઈ જતાં મંડળીને નોંધપાત્ર નુકસાન સહન કરવું પડ્યું છે. મંડળીના 65 વર્ષીય પ્રમુખ ઉત્તમભાઈ સામાભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, "આ મંડળી દ્વારા સ્થાનિક લોકોને રોજગારી મળે છે અને અન્ય જોડાયેલા સભાસદોને પણ નિયમિત લાભ થાય છે. પ્રકૃતિની આફતો સામે ટક્કર લેતાં-લેતાં પણ આ મંડળી સ્વાવલંબન તરફ આગળ વધી રહી છે." આમ, ચોપડવાવની આ સહકારી મંડળી માત્ર આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્ર જ નથી, પરંતુ સામૂહિક પ્રયત્નો અને સરકારી સહાયથી ગ્રામીણ વિસ્તારમાં રોજગારી અને સ્વાવલંબનનો આદર્શ નમૂનો છે.





## ગરીબ, અનાથ અને આદિવાસી કન્યાઓના સ્વપ્નોને સાકાર કરતું 'સનાતન ધર્મ કન્યા શિક્ષાસદન'

આજે પણ દેશના ઘણા વિસ્તારોમાં દરિદ્રનારાયણ જીવે છે. ગરીબી, અનાથપણું અને નિરાધારતાના અંધકારમાં જે બાળકીઓનું ભવિષ્ય અંધારું બની રહ્યું છે, તેવી કન્યાઓના જીવનને ઉજ્જવળ બનાવવાના પવિત્ર સંકલ્પ સાથે કોડબા ગામમાં 'જન જતન સર્વાંગી વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા સંચાલિત 'સનાતન ધર્મ કન્યા શિક્ષાસદન' અને 'શ્રીમતી ગંગાબા કન્યા છાત્રાલય'ની સ્થાપના કરવામાં આવી હતી. તા.23મી જાન્યુઆરી, 2015ના રોજ સ્થપાયેલી આ સંસ્થાએ શરૂઆતના દિવસોમાં લીલી-સૂકી સ્થિતિ જોઈ હતી, પરંતુ સતત પ્રયાસો અને સમર્પણને કારણે આજે આ સંસ્થા એક મોટા વટવૃક્ષ સમાન બની છે. વર્ષ 2016-17માં અહીં માત્ર 23 ગરીબ અને આદિવાસી નિરાધાર કન્યાઓને શિક્ષણ આપવામાં આવ્યું હતું, જ્યારે આજે બાલવાટિકાથી લઈને ધોરણ-8 સુધીમાં 230 જેટલી બાળકીઓ અભ્યાસ કરી રહી છે. સંસ્થાના પ્રમુખ ગીરધરભાઈ આર.વસાવા અને મંત્રી રુકૈયાબેન એસ.વસાવા કહે છે કે, "અમારી નેમ એવી દીકરીઓને શિક્ષણ આપવાની છે, જેનો કોઈ આશરો ન હોય. આપણે જે બીજ રોપ્યું હતું, તે આજે વટવૃક્ષ બની ગયું છે. અહીંથી ભણી-ગણીને ગયેલી દીકરીઓએ આજે સંસ્થાનું નામ રોશન કર્યું છે." આજે આ સંસ્થા પાસે અદ્યતન બિલ્ડિંગ અને તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. સંસ્થામાં 10 શિક્ષિકા બહેનો સેવાભાવે શિક્ષણનું કાર્ય કરી રહી છે.







## પ્રકૃતિ જનરલ હોસ્પિટલ: પ્રકૃતિ અને સંસ્કૃતિનું સજીવ સંમિશ્રણ

ગુજરાતના સરહદી વિસ્તારમાં આવેલા કોડબા ગામે આજે એક અનોખો પ્રયોગ સાકાર થયો છે. ભૂતકાળમાં આ વિસ્તારના ગરીબ આદિવાસીઓ સહિત તમામ વર્ગના લોકો જ્યારે બીમાર પડતા, ત્યારે સારવાર માટે શહેરોના મોંઘા ખર્ચા વેઠીને જવાનો વારો આવતો હતો. પરંતુ હવે કોડબા ગામે 'પ્રકૃતિ જનરલ હોસ્પિટલ' આવતાં છેલ્લાં વિસ્તારના ગરીબ લોકોને પણ રાહત મળી છે. આ હોસ્પિટલના મુખ્ય સ્થપતિ છે ડો.શાંતિકર વસાવા. તેઓ MD ગાયનેકોલોજીમાં નિષ્ણાત છે, પરંતુ તેમની ઓળખ માત્ર તબીબી ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી. આ પ્રદેશમાં તેઓ મજબૂત અને ગરીબોના હામી ડોક્ટર તરીકે જાણીતા છે. દર્દીઓ તેમની સારવાર માટે ખડેપગે રાહ જુએ છે. હોસ્પિટલમાં ગંભીર બીમારી ગણાતી સિકલસેલ માટે મફત કેમ્પોનું આયોજન પણ થાય છે. ડો.શાંતિકર વસાવા પ્રકૃતિપ્રેમી હોવાથી આખી હોસ્પિટલ કુદરતી સમૃદ્ધિથી ઓતપ્રોત છે. હોસ્પિટલના પ્રવેશદ્વારે વાંસનો બનેલો અનોખો દરવાજો દેખાય છે. દરેક રૂમની સજાવટ પણ અનોખી છે. દીવાલો પર વારલી પેઈન્ટિંગ અને આદિવાસી સમાજની સંસ્કૃતિ દર્શાવતાં ચિત્રો જોતાં એમ થાય કે આ જ સાચી મૌલિક (ઓરિજનલ) સંસ્કૃતિ છે. ઉપરાંત દીવાલો પર આદિવાસી સમાજની સભ્યતાનાં માળખાંનાં ચિત્રો, તેમના ઢોલ સહિતનાં સંગીતનાં સાધનો અને અનાજ દળવા માટેની હાથવગું ઘંટી જેવાં દૃશ્યો જોવા મળે છે. આ બધું જોઈને કોઈને લાગે કે આ હોસ્પિટલ નથી, પરંતુ પ્રકૃતિ અને પરંપરાની જીવંત છણાવટ છે. હોસ્પિટલની આ અનોખી સજાવટ જોવા માટે શહેરોના આર્કિટેક્ટ્સ પણ ઉત્સુકતા હોય. ડો.શાંતિકર વસાવાએ તબીબી શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ઈકો-પોઈન્ટ તરીકે જાણીતા રાજપીપળા ખાતે 'ઋતુ હોસ્પિટલ'ની શરૂઆત કરી હતી. પરંતુ તેમનું વતન અને મૂળ પ્રત્યેનું મમત્વ તેમને સતત ખેંચતું રહ્યું, તેથી તેઓ પોતાના જ ગામ કોડબા આવ્યા. અહીં તેમણે એવી હોસ્પિટલ બનાવી જે આદિવાસી સંસ્કૃતિની યાદ અપાવે અને આદિવાસીઓને પોતીકી લાગે.



(માહિતી સંકલન અને તસવીર: ગૌરાંગ સોની)